
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



દેશને માટે હું બીજુ કાંઇ કરી શકુ તેમ નથી... માટે હું ધુમાડાવાળા વાહનની જગ્યાએ સાયકલ ચલાવુ છુ...!!




ભાદરવી પૂનમે અંબાજી ખાતે ભવ્ય મેળો યોજાય છે. આ મેળામાં ભાગ લેવા માટે માઈ ભક્તો પગપાળા જ ચાલી નીકળે છે. છેક મુંબઈ, પુના, નાગપુર અને સૌરાષ્ટ્ર-કચ્છમાંથી પણ માઈભક્તો એકલા જ કે કોઈ સંઘ સાથે પગપાળા અંબાજી તરફ જાય છે. ભાવિકોનું ઘોડાપુર જાણે અંબાજી તરફ જતુ હોય તેવુ લાગે... કોરોનાના કપરાં કાળમાં સતત બે વર્ષ સુધી ભાદરવી પૂનમના મેળાની રોનક ફીક્કી રહી હતી. પરંતુ આ વર્ષે ભાદરવી પૂનમના મેળાની રોનક ભાવિકોનો ઉત્સાહ જોતા ચોક્કસ પાછી આવશે તેવુ લાગે છે. ભાવિકોનો ઉલ્લાસ આ વર્ષે ખૂબ છે. પગપાળા જતા માઈભક્તોની સેવા માટે અંબાજી તરફના માર્ગોએ સેવાકેન્દ્ર શરૂ કરાયા છે. મહાનગર ભાજપ દ્વારા ચ-૩ સર્કલે પદયાત્રી સેવા કેન્દ્ર શરૂ કરાયુ છે. આ સેવા કેન્દ્રનો પ્રારંભ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે રીબન કાપીને કરાયો હતો. આ અવસરે મેયર, ડે. મેયર, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન, શહેર ભાજપ પ્રમુખ તથા અન્ય અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્ત રહ્યા હતા. આ ઉપરાંત ચ-૦ સર્કલ ખાતે શ્રી પંચદેવ યુવક મંડળ દ્વારા તથા અંબાપુર ગામ નજીક અંબાપરના ગ્રામજનો દ્વારા સેવાકેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

## ખૂણેખાંચરેથી

- રાજ્યના પંચાયત વિભાગે તલાટી કમ મંત્રીઓની હડતાળના સમયગાળાની રજાઓ મંજૂર કરી પગાર ચુકવવા અંગેના હુકમો કર્યા છે.
- ગાંધીનગર મનપામાં આજે સ્થાયી સમિતિમાં સૌથી વધુ ૩૭ મુદ્દાઓ એજન્ડામાં દર્શાવાયા જે એક વિક્રમ છે. મૂળ એજન્ડામાં ૩૫ મુદ્દા હતા આ પછી બે મુદ્દા છેલ્લી ઘડીએ રજુ થયા હતા.
- ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની બેઠક સ્થાયી સમિતિના સભાખંડ સિવાય અન્ય જગ્યાએ મળી હોય તેવી ઘટના પણ આજે પ્રથમ વખત બની છે. આજે ઈન્ટીગ્રેટેડ કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર ખાતે આ બેઠક મળી હતી.
- ગાંધીનગરમાં આશા કાર્યકરોના આંદોલનના આરંભે પોલીસ સતત દોડતી નજરે પડી હતી અને આશા બહેનોને એકત્ર થતી અટકાવી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે કેબિનેટ અને અધિકારી કક્ષાની બેઠકોને પગલે અધિકારીઓ પણ સતત દોડધામમાં વ્યસ્ત રહ્યા હતા.
- આજથી ગણેશ ચતુર્થીની ઉજવણીનો આરંભ થઈ રહ્યો હોવાથી ઘરે ગણેશજી તેડવાના નિર્ણયને પગલે મૂર્તિકારો પાસે પણ ભારે ભીડ જોવા મળતી હતી.
- ગણેશ ચતુર્થી પર્વની ઉજવણી સાથે રાજકીય લાભ પણ વધુ ને વધુ મેળવવા ભાજપના આગેવાનો સક્રિય થયા છે.
- ગાંધીનગરમાં આજે સ્ટેટ વેધર વોચ ગૃપની બેઠક મળી હતી.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૪૦૦થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નર્સિંગ ટ્યુટર માટે લેવાનારી ૪થી સપ્ટેમ્બરની પરીક્ષા મોકૂફ રખાઈ છે.
- જિલ્લા પંચાયતમાં આજે મોટાભાગના કર્મચારીઓ અને અધિકારીઓ મોટા અધિકારીઓની ગેરહાજરીમાં આરામ અને રજાના મૂડમાં જોવા મળ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ થોડુક વધેલુ જોવા મળ્યુ હતુ.




## વેદ ઇન્ટીગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ માં ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી.

ગાંધીનગર,તા.૩૦

ગણેશ ચતુર્થી ના પર્વ નિમિત્તે વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં સૌપ્રથમ ગણેશજીની પૂજા અર્ચના કરવામાં આવી હતી. અને સુંદર મજાનો ડાન્સ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને શીખવવામાં આવ્યું હતું કે આપણે ગણેશ ચતુર્થી શા માટે ઉજવીએ છીએ. અને એ જ થીમ પર આધારિત એસેમ્બલી પણ કરાવવામાં આવી હતી. આ તહેવારની ઉજવણી પાછળનો ઉદ્દેશ્ય આપણી પેઢીને ભારતીય રિવાજોથી પરિચિત કરાવવાનો છે. વિદ્યાર્થીઓએ ગણપતિ બાપા ના સુંદર મજાના ચિત્રો પણ દોર્યા હતા અને નાનકડા ભુલકાઓએ ગણેશજીના ચિત્રમાં સુંદર મજાના રંગ પૂર્યા હતા. અને ખૂબ જ સુંદર સુશોભિત કર્યા હતા.અને ગણપતિ બાપ્પા મોરિયા ના જય ઘોષ સાથે ગણેશ ચતુર્થી ની ઉજવણી કરી હતી.

# સત્યાગ્રહ છાવણી ખાતે આશા બહેનોના ધરણા

### મહિલા શકિત સેનાના નેજા હેઠળ હજ્જારો સંખ્યામાં બહેનો એકઠી થઈ ધરણા યોજી સુત્રોચ્ચાર કર્યા



ગાંધીનગર, તા.૩૦

ગુજરાત વિધાનસભાની ચુંટણીના ભણકારા વાગી રહ્યા છે. ત્યારે વર્ષોથી પોતાની પડતર માંગણીઓ મુદ્દે વિવિધ સંગઠનો ગાંધીનગર છાવણી ખાતે ધામા નાંખી રહ્યા છે.

ખેડુતો અને પંચાયતના કર્મચારીઓ બાદ આજે રાજયભરમાંથી આશાવર્કર બહેનો છાવણી ખાતે ઉમટી પડી હતી. મહિલા શકિત સેનાના નેજા હેઠળ એકઠી થયેલી બહેનોએ ફિકસ પગાર સહિતની પડતર માંગણીઓ મુદ્દે ધરણા યોજી સુત્રોચ્ચાર કર્યા હતા. ત્યારે છાવણી ખાતે પોલીસે લોખંડી પહેરો ગોઠવી દીધો હતો. ત્યારે મોડીસાંજે આશાવર્કર બહેનોની તમામ માંગણીઓ સરકાર દ્વારા સ્વીકારી લેવામાં આવતા બહેનોએ હડતાળ સમેટી લીધી હતી.

રાજયની આંગણવાડી કેન્દ્રમાં ફરજ બજાવતી આશાવર્કર બહેનો છેલ્લા કેટલાક વર્ષોથી પગાર વધારો સહિતની માંગણીઓ સાથે સરકાર સામે લડી રહી છે. તેમ છતા સરકાર સુધી આશાવર્કર બહેનોની રજુઆત સંભળાતી નથી. આજદિન સુધી પડતર પ્રશ્નો અંગે નિરાકરણ આવ્યું નથી. આશાવર્કર બહેનો તેમજ ફેસીલીટર બહેનોએ કોરોના જેવી મહામારીમાં વેકસીનેશન, ટેસ્ટીંગ, સર્વે સહિતની કામગીરી કરી છે. આશાવર્કર બહેનોને નજીવુ વેતન આપવામા આવે છે.ત્યારે એરીયર્સ સાથે રૂ.૩૦૦ દૈનિક ચુકવવા તેમજ ફિકસ પગારની માંગણી ઘણા લાબા સમયથી પડતર છે. શહેરની છાવણી ખાતે આશાવર્કર બહેનોએ ધરણા યોજી પ્રદર્શન કર્યું હતું.ત્યારે પોલીસે મહિલા શકિત સેનાના સંસ્થાપક ચંદ્રિકાબેન સોલંકીની અટકાયત કરી લેવામાં આવી હતી. જયારે અન્ય આશાવર્કર બહેનોને પણ ગાડીઓમાં બેસાડી દેવામાં આવી હતી. જયારે શહેરના વિવિધ સ્થળો પરથી પોલીસ દ્વારા બહેનોને ગાડીઓમાં બેસાડી દેવામાં આવ્યા હતા. ત્યારે મોડી સાંજે સરકાર સાથે વાતચીત બાદ આશાબહેનોની મોટાભાગની માંગણીઓ સંતોષવામાં આવતા હડતાળ સમેટી લેવામાં આવી છે.

## આરોગ્ય વિભાગ હસ્તક આશાવર્કર બહેનોની હડતાળ અંતે સમેટાઈ ગઈ

### રાજય સરકારના મંત્રી મંડળના સભ્યોની રચાયેલ કમિટીની બેઠકમાં તમામ માંગણીઓ સંતોષાતા આશા બહેનો દ્વારા હડતાળ પાછી ખેંચવા નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા.૩૦

રાજય સરકારના આરોગ્ય વિભાગ હસ્તકના આશાવર્કર બહેનો દ્વારા ચાલી રહેલી હડતાળ અંગે તેમની તમામ માંગણીઓ સંતોષાતા તેમના એસોસિએશન દ્વારા હડતાળ તાત્કાલીક પરત ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જયારે તમામ આશાવર્કર કર્મચારી બહેનો તેમની ફરજમાં જોડાઈ જશે.

આજે ગાંધીનગર ખાતે રાજય સરકારના મંત્રી મંડળના સભ્યો દ્વારા રચાયેલી કમિટીના સભ્યોની હાજરીમાં યોજાયેલી બેઠકમાં આશાવર્કર બહેનોની તમામ માંગણીઓ સંદર્ભે હકારાત્મક વલણ હડતાળનો અંત આવ્યો છે. પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતુ કે આરોગ્ય વિભાગના આશાવર્કર બહેનોના પ્રશ્નોના નિરાકરણ માટે આરોગ્ય મંત્રી રૂષિકેશભાઈ પટેલ, રાજયમંત્રી નિમિષાબેન સુથારના અધ્યક્ષે વિવિધ તબક્કે બેઠકો યોજીને તેમની માંગણીઓ સંદર્ભે વિગતવાર ચર્ચાઓ કરાઈ છે. કોરોનાકાળ સહિત કોઈપણ પરિસ્થિતિઆ બહેનો ખડેપગે ફિલ્ડમાં કામ કરે છે. ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ સહાનુભુતિ દાખવી છે. આ બહેનોની જે માંગણીઓ આવી તે પૈકી મોટાભાગની માંગણીઓ સ્વીકારી લેવામાં આવી છે.ત્યારે આરોગ્ય મંત્રી રૂષિકેશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આશા બહેનો દ્વારા જે માંગ કરવામાં આવી છે જેમાં મુખ્યત્વે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા રૂપીયા ૩ હજારથી માસિક ભથ્થુ અપાય છે તેમાં રૂપીયા ૨ હજારનો વધારો કરી આપવા માટે કમિટીએ હકારાત્મક અભિગમ દાખવ્યો છે. આ ઉપરાંત બે સાડી આપવાની માંગ તેમજ કામગીરી અંગે જે વહીવટી સુધારણાને લગતા પ્રશ્નોના નિવારણ માટે પણ જરુરી કાર્યવાહી કરવા સંબંધિત તંત્રને સુચના આપી દેવામાં આવતા આશા બહેનોની હડતાલ સમેટવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## ગાંધીનગર પુન્દ્રાસણમાંથી જુગાર રમતા જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના પુન્દ્રાસણ ગામની પાણીની ટાંકી પાસે ખુલ્લી જગ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા જુગારીઓ રૂ.૪૫૬૦ની રોકડ સાથે ઝડપાયા હતા. પેથાપુર પોલીસે બાતમીને પગલે રેઈડ પાડતા જુગારીઓમાં દોડાદોડી મચી ગઈ હતી. એક જુગારી પોલીસના હાથમાં આવ્યો હતો જ્યારે અન્ય પાંચ જુગારી ભાગી જવામાં સફળ રહ્યા હતા. પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે પુન્દ્રાસણ ગામે પાણીની ટાકીની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પરંતુ પોલીસે ફુલસંગ પ્રહલાદજી ઠાકોરને પકડી પાડ્યો હતો. પોલીસે જુગારીઓના દાવ પરથી રૂ.૪૫૬૦ ની રોકડ કબ્જે કરી હતી.જયારે ફુલસંગને નાસી ગયેલા જુગારીઓ અંગે પુછતા તેણે હિતેશ ભલાજી ઠાકોર, ભરતજી નતુજી ઠાકોર, ભુપતજી જવાનજી ઠાકોર, મનુજી જવાનજી ઠાકોર, વિક્રમ કોદરજી ઠાકોર, (તમામ રહે પુન્દ્રાસણ ગામ) નો સમાવેશ થાય છે.

## રૂપાલ આંગણવાડીમાંથી ગેસનો બાટલાની ચોરી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના રૂપાલ માલેસણ ભાગોળ દુધની ડેરી પાસે આવેલી આંગણવાડીમાંથી ગઈકાલે રાત્રીના સમયે ગેસના બાટલાની ચોરી થવા પામી છે. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ગેસના બાટલાની ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રૂપાલ ગામના માલેસણ ભાગોળ દુધની ડેરી પાસે આવેલી આંગણવાડી નં-૨ માં ભાનુબહેન પટેલ છેલ્લા ૨૪ વર્ષથી ફરજ બજાવે છે.જયારે હેલ્પર તરીકે દક્ષાબેન ફરજ બજાવે છે. ત્યારે ગઈકાલે રાત્રીના સમયે કોઈ ચોર શખ્સ આંગણવાડીનું લોક તોડી અંદર પ્રવેશી રસોડામાંથી ઈન્ડીયન ગેસના બાટલાની ચોરી કરી પલાયન થઈ ગયો છે. પેથાપુર પોલીસ મથકે રૂ.૨ હજારના ગેસના બાટલાની ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

## શેરથા ટોલટેક્ષ પાસે વેપારીનો ફોન અને રોકડ લઈ લુંટારુઓ ફરાર

### જીપ ડાલામાં ડીઝલ ખાલી થઇ જતા વેપારી અને ડ્રાઇવર ડાલાની ઉપર સુઇ ગયા હતા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના અડાલજ નજીક શેરથા ટોલટેક્ષ પાસે લુંટની ઘટના સામે આવી છે. જીપ ડાલામાં ડીઝલ ખલાસ થઈ જતા સાઈડમાં કરી ડ્રાઈવર-વેપારી સુઈ ગયા હતા. ત્યારે ગઈ મધ્યરાત્રીએ બે લુંટારૂઓએ છરી વડે હુમલો કરી જીપડાલામાં રહેલા વેપારીનો મોબાઈલ અને રોકડા રૂપીયા લઈ છુમંતર થઈ જનાર શખ્સો સામે અડાલજ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ શેરથા ટોલટેક્ષ રોડ ઉપર લુંટની ઘટના પ્રકાશમાં આવી છે. રાત-દિવસ હજ્જારો વાહનોથી ધમધમતા હાઈ વે પર લુંટ થતા પોલીસ પણ હરકતમાં આવી ગઈ છે. હાલ ચાંદખેડા રહેતા રાજસ્થાનનો વતની વિનેશકુમાર રીડમલભાઈ પુરોહિત દેવ-ઈન્ટીરીયરના નામથી ફર્નિચરનો વેપાર કરે છે. ગઈકાલે બપોરના સુમારે ત્રણ વાગે વિનય અને તેના ભાઈના સાળા દલપતભાઈ જવાનારામ પુરોહિત પીકઅપ ડાલુ લઈને જોધપુર રાજસ્થાનથી અમદાવાદ માટે નીકળ્યા હતા.

ત્યારે રાત્રીના બે વાગ્યાના અરસામાં શેરથા ટોલટેક્ષ પાસે જીપડાલામાં ડીઝલ ખલાસ થઈ જતા એર આવી ગઈ હતી. જેને પગલે શેરથા ટોલટેક્ષ થી આશરે ૨૦૦ મીટર આગળ અડાલજ તરફ જતા રોડની સાઈડમાં ડાલુ મુકીને ડાલા ઉપર સુઈ રહ્યા હતા. તે સમયે રાત્રીના આશરે પોણા ત્રણ વાગ્યાના અરસામાં ડાલાનો દરવાજો બંધ થવાનો અવાજ આવતા વિનય જાગી ગયો હતો. વિનયે નીચે જોયુ તો બે શખ્સો ડાલામાં કંઈક કરી રહ્યા હતા. જેથીકરીને નીચે ઉતરીને બંનેને તેણે પકડી પાડ્યા હતા. આ દરમિયાન શખ્સોએ વિનય પાસેથી મોબાઈલ ફોન અને રૂ.૫૧૦૦ પડાવી લીધા હતા.વિનય અને દલપતે ભેગા થઈને એક શખ્સને પકડી પાડ્યો હતો. ત્યારે આ શખ્સે છુટવા માટે છરો કાઢી વિનય પર હુમલો કર્યો હતો.

જો કે વિનયને છરી ડાબા હાથે વાગી હતી. ત્યારબાદ લુંટારૂઓ ભાગી ગયા હતા. બનાવની જાણ કરવામાં આવતા અડાલજ પોલીસ આવી ગઈ હતી. જયારે ઈજાગ્રસ્ત વિનયને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે વિનયની ફરીયાદ લઈ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાની ટીમનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન




ગાંધીનગર, તા.૩૦

તાજેતરમાં અમદાવાદ ખાતે ગુજરાત સ્ટેટ ટેક્વોન્ડો ચેમ્પિયનશીપ ૨૦૨૨ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ અને ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાનાં ખેલાડીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ટીમમાં સૌથી વધુ વિજેતા થઈ ખેલાડીઓએ વિવિધ કેટેગરીમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ્સ પ્રાપ્ત કરી ગાંધીનગર શહેરનું નામ રોશન કર્યું હતું તથા આયોજકો દ્વારા કોચને બેસ્ટ ટીમની ટ્રોફી એનાયત કરવામાં આવી હતી તેમજ સંસ્થાનાં સિનિયર સન્ની રાજપૂત અને દિયા ચુડાસમા દ્વારા સ્પર્ધાનાં ખેલાડીઓને સ્પર્ધાલક્ષી પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે અને સેક્રેટરી મિલાપ ટાટારિઆએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## આજે રામકથા મેદાનમાં વિચરતી વિમુકત જાતિના નાગરીકોથી ઉભરાશે

### પોતાની પડતર માંગણીઓ મુદ્દે હજ્જારો ભાઈ-બહેનો ઉમટી પડશે,

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે આજે વિચરતી વિમુકત જાતિનું મહાસંમેલન યોજાશે. આ રાજયભરમાંથી વિચરતી વિમુકત જાતિના હજ્જારો ભાઈ બહેનો સંમેલનમાં જોડાશે. તા.૩૧ ઓગસ્ટના રોજ રાજયમાં પ્રથમવાર એક સાથે ૪૦ જનજાતિ મુકિત દિવસ મનાવી રહ્યા છે. રાજય સરકાર સમક્ષ વર્ષ ૨૦૧૫ થી સતત વિચરતી વિમુકત જાતિના આગેવાન સતત પોતાના પડતર પ્રશ્નો રજુ કરી રહ્યા છે. તેમ છતા સરકાર દ્વારા આજદિન સુધી સમાજના પ્રશ્નોનું નિરાકરણ આવ્યું નથી. વિચરતી વિમુકત જનજાતિની માંગ છે કે દેવીપુજક વાઘરી સહિત ૪૦ જ્ઞાતિના વ્યકિતઓને ઓબીસી અનામતના ૨૭ ટકા કવોટામાંથી ૧૧ ટકા કવોટા અલગ કરી આપો, તે ઉપરાંત અનુસુચિત જનજાતિ સમકક્ષ સુવિધા આપો, ૧૧ ટકા કવોટાને શિક્ષણ, નોકરી, સત્તામાં ભાગીદારીવાળી અનામત એટલે કે દરેક પ્રકારની બંધારણીય સંસ્થાઓમાં ગ્રામ પંચાયત થી લઈ ધારાસભ્ય અને લોકસભ્યની તેમજ રાજયસભાની ચુંટણીઓમાં લાગુ કરવામાં આવે. જયારે પોતાના પ્રશ્નોનું નિરાકરણ નહી આવે તો સરકાર સામે લડી લેવાના મુડમાં વિચરતી વિમુકત જાતિના આગેવાનો જણાયા છે.


## જાહેર નિવિદા

સરકારી પોલિટેકનીક સેક્ટર-૨૬, ગાંધીનગર ખાતે ઉગેલ ઘાસની જાહેર હરાજી તા. ૯/૯/૨૦૨૨ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સંસ્થા ખાતે રાખેલ છે. તો રસ ધરાવનાર ઈસમોએ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)ની ડીપોઝીટ ભરી રૂબરૂ હાજર રહેવું.

આચાર્ય
સરકારી પોલિટેકનીક, ગાંધીનગર

માહિતી/૧૨૩૦/૨૨-૨૩

**નિવિદા ૧૧ સને ૨૦૨૨-૨૩**
**ઓનલાઈન**
**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**વિજળીકરણ કામના તેમજ અનુભવી ઠેકેદારો માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૪ ગાંધીનગર દ્વારા વિજળીકરણનું ૧ કામ જેની અંદાજીત કિંમત રૂ. ૯૯,૭૬૮.૦૧ છે.
જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ક્રમાંક : ૧ કામનું ઓનલાઈન www.nprocure.com પરથી તા. ૬/૯/૨૦૨૨ને સમય ૧૨.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

માહિતી/૧૨૨૨-૨૨-૨૩

## ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

**વર્ષ - ૨૦૨૨-૨૩**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી. | ઈ.એમ.ડી |
|---|---|---|---|
| ૯૦/૨૦૨૨-૨૩ | Engineering, Procuring, Constructing, Commissioning (EPC) of 15 MLD capacity Sewage Treatment Plant at Pethapur, Dist. Gandhinagar along with Operation and Maintenance of the entire proposed Sewage Treatment Plant facilities for five (05) years | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૪૫,૩૨,૮૮૦/- |
| ૮૯/૨૦૨૨-૨૩ | Construction of Water Distribution Station including Electro-Mechanical Work at Existing Charedi Headwork including O & M for 5 years in GMC area | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૨૧,૩૫,૮૩૨/- |
| ૮૮/૨૦૨૨-૨૩ | Providing and laying Water Supply Distribution Network in Pethapur TP Scheme and Gamtal Area with Construction of ESR (2 Nos.) including O & M for 5 years in GMC area | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૨૬,૭૯,૭૫૪/- |

ટેન્ડર ફોર્મ તા. ૧/૯/૨૦૨૨ થી તા. ૨૧/૯/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૨૨/૯/૨૦૨૨ થી તા. ૨૮/૯/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૨૯/૯/૨૦૨૨ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૨૨૦/૨૨-૨૩

## ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

**વર્ષ - ૨૦૨૨-૨૩**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૮૨/૨૦૨૨-૨૩ | Engineering,Procuring, Constructing, Commissioning (EPC) of (1) Sewage Treatment Plant of 25 MLD capacity at Bhat, Dist. Ahmedabad along with all related Mechanical and Electrical equipment and accessories, Instrumentation including miscellaneous works etc. complete (2) Operation and maintenance of the entire proposed sewage treatment facilities at site for Five years at Bhat | રૂ. ૧૮૦૦૦/- | રૂ. ૩૪,૪૧,૭૮૬/- |
| ૮૩/૨૦૨૨-૨૩ | Engineering, Procuring, Constructing, Commissioning (EPC) of (1) Water Treatment Plant of 40 MLD capacity and Construction of Clear Water Pumping Station along with all related Mechanical and Electrical equipment and accessories, instrumentation including miscellaneous works etc. complete (2) Operation and maintenance for Five years at Sughad | રૂ. ૧૮૦૦૦/- | રૂ. ૧૭,૪૫,૪૪૩/- |
| ૮૪/૨૦૨૨-૨૩ | Construction of TSPS with Electrical & Mechanical Work including O & M for 5 years in Bhat of GMC area | રૂ. ૧૮૦૦૦/- | રૂ. ૨૨,૮૮,૦૪૩/- |
| ૮૫/૨૦૨૨-૨૩ | Comprehensive Operation & Maintenance of all Electrical & Mechanical Equipments & Instruments with all Civil construction of Water supply CNIROR2-23 Distributiopn Station at TPS-4 (Kudasan) & TPS-8 (Sargasan) of GUDA in GMC for Two Years. | રૂ. ૩૬૦૦/- | રૂ. ૧,૩૮,૫૨૫/- |
| ૮૬/૨૦૨૨-૨૩ | Comprehensive Maintenance of Water Supply Distribution Pipeline Network in TPS-3(part),TPS-4,TPS-5 (Kudasan), TPS-8 (Sargasan) & Water trunk main of GUDA in GMC Area and for Two Years. | રૂ. ૩૬૦૦/- | રૂ. ૧,૩૫,૧૦૦/- |
| ૮૭/૨૦૨૨-૨૩ | Sewerage Network & Water Distribution Network in Khoraj Gamtal & TP-303 including O & M Work in GMC Area | રૂ. ૧૮૦૦૦/- | રૂ. ૨૧,૫૦,૭૫૭/- |
| ૪૭/૨૦૨૨-૨૩ | Deviopment of Garden at TP-47,F.P-58/1, Koteshvar, Gandhinagar, For Gandhinagar Municipal Corporation( Second Trial) | રૂ. ૨૪૦૦/- | રૂ. ૮૧,૨૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૧/૯/૨૦૨૨ થી તા. ૨૧/૯/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૨૧/૯/૨૦૨૨ થી તા. ૨૬/૯/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ બીડ ઓપનીંગ તા. ૨૮/૯/૨૦૨૨ના રોજ સમય ૧૭:૩૦ કલાકે કરવામાં આવશે. પ્રાઈઝ બીડ ઓપનીંગની જાણ અલગથી કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૨૨૫/૨૨-૨૩